હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું પાક્ષિક વૃત્તપત્ર

# ઉદીચ્ય

સળંગ અંક : ૮૯૦, વર્ષ : ૩૭, અંક : ૧૯
૦૧-ઓક્ટોબર, ૨૦૨૬

HNGU HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

Re-Accredited "B" 2.21 CGPA by NAAC

સૌજન્ય : શ્રી સિધ્ધહેમ પ્રકાશન નિધિ : શ્રી ભોગીલાલ લહેરચંદ કૌટુંબિક ટ્રસ્ટ તથા શ્રી પાટણ જૈનમંડળ, મુંબઈ

## શ્રમમાં જ સાચું સુખ

એક રાજા ખૂબ જ ધનવાન હતો. મહેલમાં વૈભવની કોઈ કમી નહોતી, છતાં તે હંમેશાં બીમાર અને દુઃખી રહેતો. અનેક વૈદ્યોની સારવાર છતાં તેની તબિયતમાં સુધારો થયો નહીં. એક વૃદ્ધે રાજાને સલાહ આપી કે, 'મહારાજ, જો કોઈ સાચા સુખી માણસનું વસ્ત્ર પહેરશો તો તમારી બીમારી દૂર થઈ જશે.' રાજાના સેવકોએ આખા રાજ્યમાં સુખી માણસની શોધ કરી, પરંતુ દરેક વ્યક્તિને કોઈ ને કોઈ ચિંતા હતી. અંતે રાજા પોતે શોધવા નીકળ્યો. એક દિવસ તેને તડકામાં ખેતરમાં પરસેવો પાડતો એક ખેડૂત મળ્યો. રાજાએ પૂછ્યું, 'તમે સુખી છો?' ખેડૂતે હસતાં કહ્યું, 'ઈશ્વરની કૃપાથી હું ખૂબ સુખી છું. મહેનત કરું છું, પરિવાર સાથે સંતોષથી રહું છું અને જે મળે છે તેમાં આનંદ માનું છું.'

રાજાએ તેનું સુખ જોઈને તેનું વસ્ત્ર માગ્યું. પરંતુ ખેડૂત પાસે તો પહેરવા માટે માત્ર સાદી ધોતી હતી! ત્યારે રાજાને સમજાયું કે સુખ વૈભવમાં નહીં, પરંતુ મહેનત, સંતોષ અને સ્વસ્થ જીવનમાં વસે છે. તેણે આરામ અને આળસ છોડીને પોતે પણ પરિશ્રમ કરવાનો સંકલ્પ કર્યો. થોડા સમય પછી તેની તબિયત સુધરી ગઈ. જીવનમાં શ્રમનું સ્થાન સર્વોચ્ચ છે. પરિશ્રમ શરીરને સ્વસ્થ, મનને પ્રસન્ન અને જીવનને અર્થપૂર્ણ બનાવે છે. સાચું સુખ મહેનત અને સંતોષથી પ્રાપ્ત થાય છે.

## આદિવચન

**પ્રિય વાચક મિત્રો,**

વિશ્વ વંદનીય યુગ પુરુષ સત્ય અને અહિંસાના ઉપાસક મહાત્મા ગાંધીજીનો જન્મ દિવસ બીજી ઓકટોબર. 'વૈષ્ણવજન તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાણે રે' સાદગીપૂર્ણ જીવન, આત્મનિર્ભર, ફક્ત જરૂરિયાત પૂરતી વસ્તુઓથી ચલાવતા, બીજા વ્યકિતની પીડા જોઈ તેમનામાં દયાનો, મદદ કરવાનો ભાવ જોવા મળતો તેવા એક કર્મયોગી સંત હતા. સ્વચ્છતા ત્યાં પ્રભુતા એટલે સ્વચ્છતાના પ્રખર હિમાયતી મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિ નિમિત્તે ભારત સરકાર દ્વારા શ્રધ્ધાંજલિ રૂપે સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી કરવામાં આવતી હોય છે. ગાંધી જયંતિના પવિત્ર દિવસે ગાંધી આશ્રમ, રાજઘાટ, કીર્તિમંદિર, જેવી અલગ-અલગ જગ્યાએ સમૂહ પ્રાર્થના અને સમૂહ કાંતણનો કાર્યક્રમ થતો હોય છે. માનવ માત્રના કલ્યાણ માટે તેમણે સૂચવેલા વ્રતો જેમકે સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, સર્વધર્મ સમભાવ, સમરસતા વગેરે પોતાના જીવનમાં આચરણ કરીએ અને અન્યને તેમ કરવા પ્રેરણા આપીએ. સિધ્ધાંત વગરની રાજનીતિ, મહેનત વગરની દોલત, નિતિ વિમુખ વ્યાપાર, ચારિત્ર્ય વિનાનુ શિક્ષણ, અંતરાત્મા સિવાયનો આનંદ, માનવતા વિહીન વિજ્ઞાન અને ત્યાગ વિનાનું તપ જેવા અનિષ્ટોથી બચવા માટે પૂજ્ય ગાંધીજીએ ચેતવ્યા છે. પ્રત્યેક વ્યક્તિ સમાજ કે રાષ્ટ્ર આવા અનિષ્ટોથી દૂર રહે તો 'વસુધૈવ કુટુંમ્બકમ' ની ભાવના સાકાર થાય અને રામ રાજય સ્થાપિત થાય. સત્ય, અહિંસા અને પ્રેમ-કરૂણાના હિમાયતી ગાંધીજીને ઈશ્વરમાં અનન્ય શ્રધ્ધા હતી. સત્ય, અહિંસા અને પ્રેમ એ કાયરોનો માર્ગ નથી, પરંતુ તેમને આત્મસાત કરવા માટે નિર્ભયતા જરૂરી છે. આંતરરાષ્ટ્રીય પંચ દ્વારા એકવીસમી સદીના શિક્ષણના અહેવાલમાં શિક્ષણના ચાર આધાર સ્તંભો પૈકી એક સ્તંભ જે ગાંધીજીએ સહજીવનની વાત કરી તે પણ છે. 'learning to live with together'. તેઓ દ્વારા ૧૯૨૦માં ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી શિક્ષણમાં અવનવા પ્રયોગો શરૂ કરેલ એ તેમના દ્વારા કેળવણીનો કાયાકલ્પ કરવામાં, ગ્રામોધ્ધારને મૂર્તિમંત કરવામાં પોતાનું સમગ્ર જીવન સમર્પિત કર્યું હતું. તેમણે જીવનમાં જે મૂલ્યો સ્વીકાર્યા તે આત્મસાત કર્યા અને જીવનની પ્રયોગભૂમિ પરથી વિશ્વને સત્ય અને અહિંસાનો સંદેશ પહોંચાડયો.

મહાત્મા ગાંધીજીનું ભારતીય શિક્ષણ ક્ષેત્રમાં ખૂબ જ નોંધપાત્ર પ્રદાન જોવા મળે છે. તેઓ માત્ર સાક્ષરતાને જ શિક્ષણ ન માનતાં, બાળકના શારિરીક, માનસિક અને આધ્યાત્મિક વિકાસને સાચું શિક્ષણ માનતા હતા. તેઓએ ૧૯૩૭માં 'વર્ધા શિક્ષણ પરિષદ' માં બુનિયાદી શિક્ષણની (શિક્ષણની સાથે આત્મનિર્ભર બનાવતી) વિભાવના રજૂ કરી હતી. વિદ્યાર્થીઓમાં શ્રમ પ્રત્યે આદર ઉત્પન્ન થાય અને શિક્ષણ મેળવ્યા પછી બાળક બેરોજગાર ન રહે તે માટે તેને હસ્તઉદ્યોગ સાથે જોડાવા પર ભાર મૂક્યો હતો. પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં જ લેવાથી બાળકની વિચારશક્તિ અને મૌલિકતાનો સાચો વિકાસ થાય છે. ૭ થી ૧૪ વર્ષના બાળકો માટે સાર્વત્રિક, મફત અને ફરજિયાત શિક્ષણની હિમાયત કરી હતી. ગાંધીજી માટે શિક્ષણનો આખરી હેતુ ચારિત્ર્ય નિર્માણનો હતો. તેમણે શિક્ષણમાં સત્ય, અહિંસા, સદ્ભાવના અને સેવાભાવ જેવા નૈતિક મૂલ્યોના સિંચન પર સૌથી વધુ ભાર મૂક્યો હતો. બાળકના સર્વાંગી વિકાસ અને સ્વાવલંબન ઉપર આધારિત કેળવણી વિષયક વિચારધારાને, સત્ય, અહિંસા, સદ્ભાવ, સેવાભાવ જેવા નૈતિક મૂલ્યોને જીવનમાં અનુસરીએ એ જ અભ્યર્થના.

તા. ૦૧-૧૦-૨૦૨૬
પાટણ.

**પ્રો. ડૉ. કિશોરકુમાર પોરિયા**
કુલપતિ

# યુનિવર્સિટી ન્યુઝ

## મુલાકાત














✻ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના અંગ્રેજી વિભાગના એમ.એ. સેમેસ્ટર–૧ના વિદ્યાર્થીઓએ તા. ૭ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ, યુનિવર્સિટીની સેન્ટ્રલ લાઈબ્રેરી (શ્રી એસ.યુ. પટેલ લાઈબ્રેરી)ની મુલાકાત લીધી. આ કાર્યક્રમમાં નવા વિદ્યાર્થીઓને યુનિવર્સિટીના જ્ઞાન સ્ત્રોતોની માહિતી અને પુસ્તકોનું મહત્ત્વ સમજાવતાં વિભાગીય વડા ડૉ. હેતલ પટેલ દ્વારા જણાવવામાં આવ્યું કે, પુસ્તક એ માત્ર કાગળ અને શબ્દોનો સંગ્રહ નથી, પરંતુ વિચાર, સંશોધન અને વ્યક્તિત્વ નિર્માણનું મૂળ છે. સ્નાતકોત્તર અભ્યાસમાં મૂળ ગ્રંથો, સંદર્ભ પુસ્તકો અને સામયિકો વિના ઊંડું અધ્યયન શક્ય નથી. પ્રવેશના પહેલા દિવસે જ ગ્રંથાલય લઈ જવાનો નિર્ણય નવા વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ અને દિશા આપે છે. ડૉ. હેતલ પટેલે સમજાવ્યું કે ગ્રંથાલય એ ફક્ત પુસ્તક લેવા–આપવાની જગ્યા નથી, પરંતુ વિચારશીલતા અને સ્વાધ્યાયની શાળા છે. આ સાથે ડૉ. તપસ ચક્રવર્તી, ડૉ. યોગેશ પરમાર, સુ શ્રી ઉર્વી મોઢા અને કુ. માનસી ચૌધરીએ પણ વિદ્યાર્થીઓને પુસ્તકો વાંચવાની પ્રેરણા આપી હતી. તેમણે કહ્યું કે, નિયમિત વાંચનથી વિચાર વિસ્તરે છે, ભાષા સુધરે છે અને સંશોધન માટે પાયો મજબૂત બને છે. ચારેય અધ્યાપકોએ વિદ્યાર્થીઓને ગ્રંથાલયનો નિયમિત ઉપયોગ કરવા પ્રોત્સાહિત કર્યા હતાં. યુનિવર્સિટી કેમ્પસના અન્ય વિભાગો અને સુવિધાઓની સંપૂર્ણ માહિતીની સાથે વિવિધ વિભાગો, વાંચન સુવિધા, પ્રયોગશાળા, વહીવટી સેવાઓ અને કેમ્પસ વાતાવરણ વિશે વિદ્યાર્થીઓને વ્યવહારુ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આથી નવા વિદ્યાર્થીઓને યુનિવર્સિટી પરિસરની સ્પષ્ટ સમજ મળી હતી. વિદ્યાર્થીઓને પુસ્તકોની પહોંચ અને ગ્રંથાલય સેવા ગ્રંથાલયમાં ઉપલબ્ધ વિવિધ ઇ–સ્ત્રોતો, પુસ્તક શોધવા માટે WEB OPAC નો કેવી રીતે ઉપયોગ કરવો, ગ્રંથાલય યાંત્રિકીકરણના સોફ્ટવેર SOUL તેમજ RFIDથી પુસ્તક આપ–લે કરવાની સમજ, શાંત અને હવા ઉજાસવાળા સગવડથી સજ્જ વાંચન ખંડ, વિદ્યાર્થીઓ ઇ–જર્નલ્સ, ડિજિટલ ડેટાબેઝ અને ઓનલાઈન સંશાધનોનો ઉપયોગ કરી શકે તે માટે કેમ્પસમાં IP Based Access અને અન્ય જગ્યાએ ઘરેથી પણ ઉપયોગ કરવા રીમોર્ટ એક્સેસ ફાળવવામાં આવે છે. આ

કાર્યક્રમમાં ડૉ. હેતલ પટેલ અને સાથી કર્મચારીઓના સહયોગથી ખૂબ જ જ્ઞાનસભર અને ગ્રંથાલયથી અભિમુખ બન્યા હતા. તેમજ કેમ્પસની સુવિધાઓથી માહિતગાર બની યુનિવર્સિટી જીવન સાથે જોડાયા હતાં. આ મુલાકાત પ્રવેશના પહેલા દિવસે યોજાઇ હોવાથી વિદ્યાર્થીઓમાં સકારાત્મક સંદેશ ગયો કે યુનિવર્સિટી માત્ર ડિગ્રી નહીં, પરંતુ જ્ઞાન અને સ્વાધ્યાયની સંસ્કૃતિ આપે છે.

## સ્વચ્છતા કાર્યક્રમ






* હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના અંગ્રેજી વિભાગ ખાતે 'સેવા મારું યોગદાન' અંતર્ગત તા. ૧૭–૦૯–૨૦૨૬ના રોજ સ્વચ્છતા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. વિભાગના વડા ડૉ. હેતલબેન પટેલ, સિનિયર પ્રોફેસર ડૉ. તપસ ચક્રવર્તી, આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. યોગેશ પરમાર, માનસી ચૌધરી અને ઉર્વી મોઢાના માર્ગદર્શન હેઠળ આશરે ૨૫ જેટલા વિદ્યાર્થી ભાઇ–બહેનોએ સાથે મળીને વિભાગના મુખ્ય વિભાગો જેવા કે ક્લાસરૂમ, લેબ, કોન્ફરન્સ હોલ સહિત લોબી, અગાસી, ગાર્ડન જેવા દરેક વિભાગની ખંતપૂર્વક સાફ સફાઇ કરેલી. સંપૂર્ણ અંગ્રેજી વિભાગે સાથે મળીને જહેમતપૂર્વક 'સેવા મારું યોગદાન' કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## પીએચ.ડી.

| No. | Candidate | Title of the Thesis | Faculty/Subject | Name of the Guide |
|---|---|---|---|---|
| 1. | **Aal Hargovanbhai Kanjibhai** | અનુ-આધુનિક વાર્તાસૃષ્ટિ : એક અભ્યાસ | **ARTS** GUJARATI | **Dr. Bharat N. Solanki** Shri And Smt P.K. Kotawala Arts College, Patan |
| 2. | **Barot Binal Jayeshkumar** | ગુજરાત રાજ્યના સંદર્ભમાં પોક્સો એક્ટ, ૨૦૧૨ ઉપર ન્યાયિક અભિગમનો એક અભ્યાસ | **LAW** LAW | **Dr. Binal S. Patel** Law College, Himatnagar |
| 3. | **Chaudhary Deveshkumar Manubhai** | ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓમાં નેશનલ કક્ષાએ પસંદગી પામેલા ખેલાડી ભાઇઓની ચિંતા અને માનસિક સ્વાસ્થ્યનો તુલનાત્મક અભ્યાસ | **EDUCATION** PHYSICAL EDUCATION | **Dr. Devangkumar R. Patel** Sheth M.N. Science College, Patan. |
| 4. | **Chaudhari Rinkalben Ghemarbhai** | Social change among chaudhari community : A sociological study. (With reference to the mahesana district) | **ARTS** SOCIOLOGY | **Dr. S.S. Gamit** S.B. Mahila Arts College, Himatnagar |
| 5. | **Chavda Pradipsinh Mulsinh** | Comparative study of occupational stress, job satisfaction and mental health of principals and teachers in urban and rural area's grant in aid schools | **EDUCATION** PHYSICAL EDUCATION | **Dr. Bhemjibhai N. Patel** Vijaynagar Arts College, Vijaynagar |
| 6. | **Darji Ashviniben Bachubhai** | A study on financial performance of selected agricultural produce market committees of north gujarat | **COMMMERCE** COMMERCE | **Dr. Devendrasinh D. Zala** Smt. K.K. Shah Arts and Smt. L.B. Gunjariya Commerce College, Thara |
| 7. | **Panchal Ekta Rajubhai** | Job satisfaction, occupational stress and psychological well-being among school teachers | **ARTS** PSYCHOLOGY | **Dr. Hanif G. Nandoliya** V.N.S.B. Ltd. Arts & Commerce College Vadnagar |

| No. | Candidate | Title of the Thesis | Faculty/Subject | Name of the Guide |
|---|---|---|---|---|
| 8. | **Parmar Roshanben Nikulbhai** | A compartive study of socio-economic status of women employee in agriculture sector and industrial sector with reference to mehsana district | **ARTS** ECONOMICS | **Dr. Hinaben M. Patel** Maniben M.P. Shah Mahila Arts College, Kadi |
| 9. | **Patel Anjanben Govindbhai** | માધ્યમિક શાળાના શિક્ષકો માટે પ્રતિબદ્ધતા માપદંડની રચના અને પ્રમાણીકરણ | **EDUCATION** EDUCATION | **Dr. Parulben Azad** Vrundavan College of Education Mehsana |
| 10. | **Patel Meghanaben Mohanlal** | A Study On Consumers' Perceptions and Buying Behaviour Towards Electic Two Wheelers in The North Gujarat | **COMMMERCE** COMMERCE | **Dr. Chirag V. Raval** Shri Trikamjibhai Chatwani Arts & J.V. Gokal Trust Commerce College, Radhanpur |
| 11. | **Patel Kajalben Rajendrakumar** | આંતરધર્મ લગ્નો અને કાયદાકીય અસરોનો ગુજરાત રાજયના સંદર્ભમાં વિશ્લેષણાત્મક અભ્યાસ | **LAW** LAW | **Dr. Rajesh S. Vyas** Shri N.S. Patel Law College, Modasa |
| 12. | **Patel Roshanben Dahyabhai** | Personality, Mental Health and Stress Among College Students of North Gujarat | **ARTS** PSYCHOLOGY | **Dr. A.L. Sutariya** Smt. A.S.C. Mahila Arts & Home Science College, Mehsana |
| 13. | **Thakor Vijaysinh Kadavaji** | ગુજરાત રાજયમાં માહિતી ટેક્નોલોજી અધિનિયમ-૨૦૦૦ના સંદર્ભમાં સોશિયલ મીડિયા દ્વારા સાયબર ગુનાઓનો સામાજિક કાનૂની અભ્યાસ | **LAW** LAW | **Dr. Arvind L. Patel** Sheth V.S. Law College, Unjha |

# કૉલેજ ન્યુઝ

## ઉજવણી



✻ એમ. એ. પરીખ ફાઈન આર્ટ્સ એન્ડ આર્ટ્સ કૉલેજ, પાલનપુરના સંસ્કૃત વિભાગ દ્વારા 'આષાઢસ્ય પ્રથમ દિવસે' નિમિત્તે મહાકવિ કાલિદાસ જયંતિનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમની અધ્યક્ષતા પ્રિ.ડૉ. રમેશકુમાર પટેલે કરી હતી. તેમણે મહાકવિ કાલિદાસના સાહિત્ય સર્જન વિશે મનનીય વિચારો રજૂ કર્યા હતા. આ પ્રસંગે મુસ્કાન ચૌધરી, લાયબા મેમણ, હિતેન્દ્ર ગલસર, નિયુતિ સેનમા, નિતેશ ચૌહાણ અને નિરાલી એ મહાકવિ કાલિદાસના જીવન, કવન અને સમય વિશે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન, સંચાલન અને આભારવિધિ સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડૉ. નીરવકુમાર આર. કંસારા એ કરી હતી.



✻ શ્રીમતી કાન્તાબેન કીર્તિલાલ શાહ આર્ટ્સ અને શ્રી લીલાવતીબેન બાપુલાલ ગુંજરીયા કોમર્સ કૉલેજ, થરા ખાતે IQAC અને અર્થશાસ્ત્ર વિભાગના સંયુક્ત ઉપક્રમે તા. ૧૧-૭-૨૦૨૬ ના રોજ 'વિશ્વ વસ્તી દિવસ' ની ઉજવણી કરવામાં આવી હતી. સંયુક્ત રાષ્ટ્ર વસ્તી ભંડોળ – UNFPA દ્વારા વર્ષ ૨૦૨૬ માટે જાહેર કરાયેલી વૈશ્વિક થીમ 'ન્યાયી અને આશાસ્પદ વિશ્વમાં યુવાનોને પોતાના ઈચ્છિત પરિવારની રચના માટે સશક્ત બનાવવાને આધારે કાર્યક્રમનું આયોજન થયું હતું. 'યુવા શક્તિ અને ટકાઉ ભવિષ્ય' વિષય પર યોજાયેલી નિબંધ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ વસ્તી, શિક્ષણ, રોજગારી અને પર્યાવરણના આંતરસંબંધોને ઉજાગર કર્યા. ક્વિઝ સ્પર્ધા દ્વારા વિદ્યાર્થિઓની વસ્તી વિષયક જાગૃતિ ચકાસવામાં આવી. વિભાગ અધ્યક્ષ એસો. પ્રો. આર. ટી. રાજપૂતે પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું કે 'આજે વિશ્વની ૬0% થી વધુ વસ્તી 30 વર્ષથી ઓછી ઉંમરની છે. જો આ યુવા શક્તિ શક્તિને ગુણવત્તાયુક્ત શિક્ષણ, આરોગ્ય અને નિર્ણય લેવાની સ્વતંત્રતા આપવામાં આવે, તો વસ્તી બોજ નહીં પરંતુ રાષ્ટ્ર નિર્માણની સૌથી મોટી સંપત્તિ બનશે.' બાળકોઓનું શિક્ષણ, લૈંગિક સમાનતા અને યુવાનોનું કૌશલ્ય વિકાસ એ જ વિકસિત ભારત@૨૦૪૭નો પાયો છે.



✻ મણિબેન એમ.પી. શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડીના IQAC સેલ તથા સંસ્કૃત વિભાગના સંયુક્ત ઉપક્રમે તા. ૧૫-૭-

૨૦૨૬ના રોજ મહાકવિ કાલિદાસની જયંતિની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી હતી. આ પ્રસંગે વિદ્યાર્થિનીઓને મહાકવિ કાલિદાસના જીવનચરિત્ર, સાહિત્યસર્જન તથા તેમની અમર કૃતિઓ વિશે માહિતીસભર રજૂઆતો કરી હતી. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને કાલિદાસના આ પ્રસંગે વિદ્યાર્થીનીઓએ મહાકવિ કાલિદાસના જીવનચરિત્ર, સાહિત્યસર્જન તથા તેમની અમર કૃતિઓ સાહિત્યિક જીવનને યાદ કર્યું હતું.



❊ શ્રીમતી કાંતાબેન કીર્તિલાલ શાહ આર્ટ્સ એન્ડ લીલાવતીબેન બાપુલાલ ગુંજારિયા કોમર્સ કૉલેજ, થરા ખાતે 'અષાઢસ્ય પ્રથમ દિવસે' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રિ.ડૉ. દિનેશકુમાર એસ. ચારણે અધ્યક્ષિય પ્રવચનમાં મહા કવિ કાલિદાસની જીવન જરમર, સાહિત્યિક કૃતિઓ તથા પ્રકૃતિ જગતને કેન્દ્રમાં રાખી જ્ઞાન–વિજ્ઞાન સભર પ્રેરક મર્મસ્પર્શી દ્રષ્ટિવંત પ્રવચન આપ્યું હતું. પ્રા.ડૉ. આર.આર. રોહિત, પ્રા. મધુબેન પી. પરમારે કાલિદાસના જન્મ, કર્મ, અને ઋતુસંહાર તથા મેઘદૂત જેવા ખંડ કાવ્યો ને કેન્દ્રમાં રાખી ભારતીય સનાતન સંસ્કૃતિને ઉજાગર કરતું પ્રેરક પ્રવચન આપ્યું હતું.





❊ શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી.ગોકળ ટ્રસ્ટ કોમર્સ કૉલેજ, રાધનપુરમાં પ્રિ.ડૉ.સી.એમ.ઠક્કરના અધ્યક્ષ સ્થાને તેમજ માર્ગદર્શન હેઠળ તા.૧૪–૭–૨૦૨૬ના રોજ રાષ્ટ્રીય મનોવિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મનોવૈજ્ઞાનિક પ્રયોગશાળા (એક ત્રિસ્તરીય મોડેલ કૃતિ)ની રચના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી હતી તથા મનોવૈજ્ઞાનિક પ્રશ્નોતરી સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમની શરૂઆતમાં પ્રિન્સીપાલશ્રીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી,વિદ્યાર્થીઓને માનસિક સ્વાસ્થ્યનું મહત્ત્વ, તણાવ મુક્તિ અને સકારાત્મક અભિગમ વિશે જાગૃતિ ફેલાવતું પ્રેરણાદાયી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

## એન.એસ.એસ.



❊ શ્રી એન. એમ.શાહ આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, શંખેશ્વરના એન.એસ.એસ વિભાગના ઉપક્રમે એક વૃક્ષ એક જીવન કાર્યક્રમ અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. વૃક્ષ છે તો જીવન છે આ સૂત્રને સાર્થક કરવા વિવિધ પ્રકારના પાંચ ફૂટથી પણ મોટા વૃક્ષોનું વાવેતર કૉલેજ કેમ્પસમાં એન.એસ.એસ.ના સ્વયંસેવક દ્વારા કરવામાં આવ્યું હતું. દરેક સ્વયંસેવકને એક વૃક્ષ દત્તક આપવામાં આવ્યું. જેની સાર સંભાળની જવાબદારી એન.એસ.એસ. સ્વયંસેવકોને સોંપવામાં આવી. આ કાર્યક્રમ નિમિત્તે કૉલેજના આચાર્ય ડૉ.રાજેશ ત્રિવેદી એ એન.એસ. એસ સ્વયંસેવકોને વૃક્ષનો જીવન સાથેનો નાતો કેટલો પ્રધાઢ છે તે વિશે સમજ આપી અને વૃક્ષોનું જતન કરવા સ્વયંસેવકોને પ્રેરણા આપી હતી.



❊ મણિબેન એમ.પી. શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડીના એન.એસ.એસ. વિભાગ દ્વારા ઉન્નત ભારત અભિયાન તથા અમૃત મંગલ ચેરિટેબલ ટ્રસ્ટના સહયોગથી ઉન્નત ભારત અભિયાન અંતર્ગત દત્તક ગામ નવાપુરા અને કડી તાલુકાની જન્મભૂમિ સોસાયટી ખાતે તા. ૧ જુલાઈ, ૨૦૨૬ (બુધવાર)ના રોજ 'અશોક સંસ્કાર મંદિર' (સંસ્કાર કેન્દ્ર)નો શુભ પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ સંસ્કાર કેન્દ્રનો મુખ્ય હેતુ બાળકોમાં શિક્ષણ સાથે નૈતિક મૂલ્યો, સારા સંસ્કારો, શિસ્ત અને વ્યક્તિત્વ વિકાસનું સિંચન કરવાનો છે. એન.એસ.એસ. વિભાગની સ્વયંસેવિકાઓ જાનવી ચૌહાણ અને આયુષી પ્રજાપતિ દ્વારા બાળકોને નિયમિત માર્ગદર્શન અને સંસ્કાર શિક્ષણ આપવામાં આવશે. કાર્યક્રમ પ્રિ.ડૉ. હિનાબેન એમ. પટેલના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. વિભાગના પ્રોગ્રામ ઓફિસર ડો. તરુલતા પટેલ તથા એન.એસ.એસ.ની સ્વયંસેવિકાઓના સહયોગથી સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.



❊ શ્રી ટી.સી. ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી. ગોકળ ટ્રસ્ટ કોમર્સ કૉલેજ, રાધનપુર ખાતે એન.એસ.એસ. અને કૉલેજ પરિવારના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં 'નશા મુક્તિ' અભિયાન અંતર્ગત એક વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય યુવાધનને વ્યસનના દૂષણથી દૂર રાખી તંદુરસ્ત સમાજનું નિર્માણ કરવાનો હતો. પ્રિ.ડૉ. સી.એમ. ઠક્કરના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં પાટણ યુનિવર્સિટીના BOM સભ્ય અશ્વિનભાઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને વ્યસનના ગંભીર પરિણામો વિશે માહિતગાર કર્યા હતા અને જીવનમાં સ્વસ્થ રહેવા માટે નશાથી દૂર રહેવાનો સંદેશ આપ્યો હતો. કાર્યક્રમમાં કૉલેજના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## કાર્યક્રમ



❊ શ્રીમતી આનંદીબેન શંકરભાઈ ચૌધરી મહિલા આર્ટ્સ એન્ડ હોમ સાયન્સ કોલેજ, મહેસાણા ખાતે રાષ્ટ્રીય સેવા યોજના (NSS) દ્વારા તા. ૮–૭–૨૦૨૬ના રોજ નશા મુક્ત ભારત અભિયાન અંતર્ગત પ્રતિજ્ઞા કાર્યક્રમ યોજાયો. જે સંદર્ભે ડૉ. એ.એલ. સુતરીયા સાહેબે વ્યસનથી થતા શારીરિક માનસિક અને આર્થિક નુકસાન વિશે વિગતવાર માહિતી આપી હતી. કાર્યક્રમના અંતે કોલેજની વિદ્યાર્થિનીઓ તેમજ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ મિત્રોને જીવનભર વ્યસન મુક્ત રહેવા અને અન્યને પણ પ્રેરિત કરવા માટેના શપથ લેવડાવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ યુવાધનને વ્યસનના દૂષણથી બચાવવા અને સમાજમાં જાગૃતિ ફેલાવવાનો હતો.

❊ તા. ૧૦–૭–૨૦૨૬ના રોજ શ્રી આદર્શ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ દિયોદરમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે આવકારોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ કાર્યક્રમના અધ્યક્ષ શ્રી શિવાભાઈ ભુરીયા કૉલેજના આચાર્ય ડૉ. ભગવાનભાઈ ચૌધરી કૉલેજના સ્ટાફ મિત્રો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે પ્રા. જયંતિભાઈ ભેદરુએ અધ્યાપકશ્રીઓની લાયકાત અને વિશેષ સિદ્ધિથી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા. પ્રા. હસમુખભાઈ પટેલે વર્ષ દરમ્યાન કૉલેજમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓની ઝલક આપી. પ્રિ.ડૉ. ભગવાનભાઈ ચૌધરીએ વિદ્યાર્થીઓને આવકારી કૉલેજના નિયમો, કૉલેજની પ્રણાલી અને કૉલેજની મહત્વની બાબતો પર પ્રકાશ પાડ્યો હતો. કાર્યક્રમના અધ્યક્ષ શ્રી શિવાભાઇ ભુરીયાએ વિદ્યાર્થીઓને શિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરવું અને મોબાઇલ જેવા ઉપકરણોથી દૂર રહી જીવનમાં આગળ વધવા તરફ અનુરોધ કર્યો હતો.



❊ શ્રીમતી આનંદીબેન શંકરભાઈ ચૌધરી મહિલા આર્ટસ એન્ડ હોમ સાયન્સ કૉલેજ, મહેસાણા ના સંસ્કૃત વિભાગ દ્વારા ''અષાઢસ્ય પ્રથમ દિવસે'' કાર્યક્રમ સંપન્ન થયો. અષાઢ મહિનાનો પ્રથમ દિવસ એટલે સંસ્કૃતના મહાકવિ કાલિદાસનો જન્મદિવસ. આ દિવસે કાલિદાસ રચિત મેઘદૂત કાવ્યનું ગાન કરી મેઘદૂત માનવ હૃદયમાં સૂષ્ઃ થઈ ગયેલી સંવેદનાઓને જગાડી દે છે તેવી સુંદર વાત કરી. મેઘદૂતનો યક્ષ આપણને શીખવે છે કે પ્રેમ એટલે કલ્પનાને જીવંત રાખવી. પ્રેમ એટલે પોતાની લાગણીને પ્રકૃતિ સાથે જોડવાની ક્ષમતા આ કાર્યક્રમમાં સંસ્કૃત વિષયની વિદ્યાર્થીનીઓ જગરાલા દિયા, નાઈ ખુશી, શિફા નાગોરી, તન્વી અને ચામી પટેલે કાલિદાસને યાદ કરી તેમની કૃતિઓનો પરિચય કરાવ્યો હતો.



❊ શ્રી કલજીભાઈ આર. કટારા આર્ટસ કૉલેજ, શામળાજી અને જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, અરવલ્લીના સંયુક્ત ઉપક્રમે તા. ૨૦–૭–૨૦૨૬ ના રોજ 'બેટી બચાવો, બેટી પઢાવો' યોજના અંતર્ગત 'એનિમિયા અને માલન્યુટ્રિશન જાગૃતિ કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભે અંગ્રેજી વિભાગના અધ્યક્ષ ડૉ. સમીર પટેલ દ્વારા ઉપસ્થિત તમામ અતિથિ વિશેષશ્રીઓ અને મહાનુભાવોનું ઉત્સાહભેર શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અરવલ્લી જિલ્લા આરોગ્ય વિભાગના નિવૃત કર્મચારી હર્ષિદાબેન ત્રિવેદીએ ઉપસ્થિત રહી પ્રસંગોચિત ઉદ્બોધન કરી દીકરીઓના આરોગ્ય, પોષણ તેમજ સુપોષિત સમાજના નિર્માણ અંગે ઉપયોગી વિચાર રજૂ કર્યા હતા. જિલ્લા મહિલા અને બાળ કચેરીના જેન્ડર સ્પેશિયાલિસ્ટ અકરમભાઈ શેખ દ્વારા કાર્યક્રમ

દરમ્યાન દીકરીઓ અને બહેનોની સુરક્ષા, રક્ષણ તેમજ મહિલા કલ્યાણ અર્થે સરકારશ્રી દ્વારા ચાલતી વિવિધ યોજનાઓ વિશે વિગતવાર અને માર્ગદર્શક માહિતી પૂરી પાડવામાં આવી હતી.



✽ શ્રી કે. આર. કટારા આર્ટ્સ કોલેજ, શામળાજીમાં ઉદિશા ક્લબ અંતર્ગત તા. ૨૧–૭–૨૦૨૬ ના રોજ જી.પી.એસ.સી. વર્ગ ૧–૨ અને અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે કોલેજના પ્રિ. ડો. અજયભાઈ કે. પટેલના માર્ગદર્શન હેઠળ ખાસ કાર્યક્રમ યોજાયો હતો જેનું આયોજન ઉદિશા કોર્ડીનેટર ડો. જીગ્નેશભાઈ કટારાએ કર્યું હતું. જેમાં શ્રી જલારામ કલાસીસ, મોડાસાના સંચાલક શ્રી અલ્પનાબેન માંડવિયાએ વિદ્યાર્થીઓને આગામી સમયમાં યોજાતી પરીક્ષાઓ, તેમાં સ્વકીય ભૂમિકા, મહત્વકાંક્ષા અને સમર્પણને લઈને વર્ગ ૧–૨ની તૈયારીની વિગતો આપી હતી. કાર્યક્રમના પ્રારંભે ડૉ. સંજય પંડ્યાએ અગાઉ યોજાયેલ સ્પર્ધાત્મક પરીક્ષાના વર્ગોની વાત કરી હતી.




✽ શ્રી વી.આર. પટેલ કોલેજ ઓફ કોમર્સ, મહેસાણામાં આચાર્યશ્રી ડૉ. જે. કે. પટેલના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસના વિદ્યાર્થીઓ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખૂબ મોટી સંખ્યામાં વિદ્યાર્થી ભાઈ–બહેનો જોડાઈ વૃક્ષારોપણ કરેલ હતું. આ કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. કલ્પેશકુમાર પટેલ અને ડૉ. વિશાલકુમાર જોષી દ્વારા કરવામાં આવ્યું હતું.



✽ મણિબેન એમ.પી. શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડીના IQAC વિભાગ દ્વારા બી.એ. સેમ–૧ની વિદ્યાર્થિનીઓના આવકાર અને બી.એ.સેમ–VI અને એમ. એ. સેમ–IVની વિદ્યાર્થિનીઓના સન્માન અને Smart Classroomના ઉદ્ઘાટનનો કાર્યક્રમ તા. ૦૯–૦૭–૨૦૨૬ના રોજ યોજાઈ ગયો. કાર્યક્રમની શરૂઆતમાં Smart Classroomનું ઉદ્‌ઘાટન Smart Boardના દાતાશ્રી કૉલેજના નિવૃત્ત હેડક્લાર્ક શ્રીમતી દિપીબેન ડી. સોલંકી દ્વારા કરવામાં આવ્યું. કાર્યક્રમના સભાધ્યક્ષ તરીકે શ્રી નલિનભાઈ એમ. શાહ અને મહેમાનશ્રી ડૉ. વંદનાબેન એસ. ઠક્કર ઉપસ્થિત રહ્યા હતા. બી.એ. સેમ–૧ની નૂતન પ્રવેશ મેળવનાર વિદ્યાર્થિનીઓને પુષ્પ, સાકર અને ચોકલેટ આપી આવકારવામાં આવી. ત્યારબાદ યુનિવર્સિટીની પરીક્ષા બી.એ. સેમ–VIમાં ૬૩ તેમજ એમ.એ. સેમ–IVમાં ૩૧ વિદ્યાર્થિનીઓએ Distinction અને First Class મેળવનાર તેમજ મનોવિજ્ઞાનમાં ૧૦૦માંથી ૧૦૦ મેળવનાર ૦૪ વિદ્યાર્થિનીઓને Trophy અને Medal આપીને સન્માનિત કરવામાં આવી હતી.

## સેમિનાર



✽ શ્રીમતી આર.આર.એચ.પટેલ મહિલા આર્ટસ કૉલેજ, મહેસાણામાં તા. ૨–૭–૨૦૨૬ના રોજ ૩૨મી બેચને આવકારવા પ્રવેશોત્સવ યોજવામાં આવ્યો હતો. પ્રવેશોત્સવના આ મંગળ પ્રસંગે ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના વડા, આચાર્યશ્રી ડૉ. સુરેશભાઈ પટેલે પ્રાસંગિક વક્તવ્ય રજૂ કરી મહેમાનોને આવકાર્યા હતા. અતિથિઓનું પુષ્પગુચ્છથી સ્વાગત કરીને મા સરસ્વતી આગળ દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીનીઓને આવકારતા વક્તવ્યો રજૂ થયા તથા તેમનું ચોકલેટ આપીને મો મીઠું કરાવવામાં આવ્યું. આ પ્રસંગે યુનિવર્સિટીમાં મનોવિજ્ઞાન વિભાગમાં વિષય અધ્યક્ષ તરીકે નિમણૂક પામેલા સિનિયર પ્રાધ્યાપક પી.એમ. પ્રજાપતિનું સન્માન કરવામાં આવ્યું સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. જિગ્ના વોહરાએ સંભાળ્યું હતું કાર્યક્રમના અંતે ડો જાગૃતીબેન પટેલે આભાર વિધિ વ્યક્ત કરી હતી.



✽ શ્રી કે.આર. કટારા આર્ટ્સ કૉલેજ, શામળાજી ખાતે તા. ૦૭–૦૭–૨૦૨૬ના રોજ પ્રિ.ડૉ. અજય કે. પટેલના માર્ગદર્શન હેઠળ, મહિલા સેલ દ્વારા વિદ્યાર્થીનીઓને આત્મનિર્ભર અને સ્વનિર્ભર બનાવવાના ઉમદા હેતુથી એક વિશેષ બ્યુટીકેર ઓરિએન્ટેશન કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામીણ વિસ્તારની વિદ્યાર્થીનીઓમાં આર્થિક, સામાજિક અને માનસિક સ્વાવલંબન લાવવાનો તથા તેમના પ્રત્યેના દ્રષ્ટિકોણને વધુ

સકારાત્મક બનાવવાનો હતો. આ અવસરે મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત કૌશિકભાઈએ જણાવ્યું હતું કે, ભારતભરમાં મહિલા વિકાસ માટે કાર્યરત નામાંકિત સંસ્થા 'ઇન્ડિયા વિમેન્સ ઓર્ગેનાઇઝેશન–શક્તિ મંચ'ના સંયુક્ત ઉપક્રમે આ સ્પેશિયલ બ્યુટીકેર એન્ડ સેલ્ફ–એમ્પ્લોયમેન્ટ વર્કશોપનું આયોજન થવા જઈ રહ્યું છે. આ વર્કશોપ અંતર્ગત વિદ્યાર્થીનીઓને તજજ્ઞ બ્યુટીશિયનો દ્વારા વર્તમાન સમયની અદ્યતન ટેકનિકસ જેવી કે, એચ.ડી. બ્રાઈડલ મેક–અપ અને આઇબ્રો શેપિંગ કેમિકલ રહિત હોમમેડ ફેસ ટ્રીટમેન્ટ અને હેર ટ્રીટમેન્ટ એડવાન્સ વેકિસંગ અને એડવાન્સ હેર સ્પાન્યૂ એડવાન્સ હેર કટિંગ અને બ્યુટી મશીનરીનું નોલેજ વિવિધ પ્રકારની ન્યૂ પેટર્ન સાડી ડ્રેપિંગ (સ્ટાઈલ) તથા નવરાત્રી માટે ખાસ ગરબાના સ્ટેપ્સ વગેરે જેવી કળાનું લાઈવ અને પ્રોફેશનલ પ્રશિક્ષણ આપવામાં આવશે.



❊ શ્રીમતિ કાંતાબેન કીર્તિલાલ શાહ આર્ટ્સ અને શ્રીમતિ લીલાવતીબેન બાપુલાલ ગુંજારીયા કોમર્સ કોલેજ, થરામાં પ્રિ.ડૉ. ડી.એસ.ચારણના માર્ગદર્શન હેઠળ બી.એ./બી.કોમ. તેમજ એમ.એ./એમ.કોમ. સેમ.–૧ના વિદ્યાર્થીનો પ્રવેશોત્સવ તા. ૧૮–૭–૨૦૨૬ના રોજ યોજાયો હતો. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કરી આચાર્યશ્રી દ્વારા નવીન પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને કૉલેજના નિયમો, અભ્યાસક્રમ અંગે તો અધ્યાપક દ્વારા કૉલેજમાં ચાલતી વિવિધ ઈતર પ્રવૃત્તિઓ, એન.એસ.એસ., એન.સી.સી. વિશે માહિતી આપવામાં આવી હતી.

## સ્પર્ધા



❊ રાધનપુર આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજમાં 'વિશ્વ વસ્તી દિવસ'ના ઉપલક્ષમાં ચિત્ર સ્પર્ધાનું આયોજન પ્રિ.ડૉ. સી.એમ. ઠક્કરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. સ્પર્ધાનો વિષય 'વિશ્વ વસ્તી દિવસ /વસ્તી વિસ્ફોટ અને તેની અસરો' રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનું સંચાલન અર્થશાસ્ત્ર વિષયની વિદ્યાર્થિનીઓ સાધુ મહેક તથા ઘાંચી સાદિયા દ્વારા કુશળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષ ડૉ. સી. એમ. ઠક્કરે વિદ્યાર્થીઓને આજના સમયમાં વસ્તી નિયંત્રણનું મહત્વ સમજાવ્યું વસ્તીની પર્યાવરણ અને અર્થતંત્ર પર થતી અસરો વિશે વિસ્તૃતમાં માહિતગાર કર્યા હતા. આ સ્પર્ધામાં કૉલેજના ૧૫ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈ પોતાની સર્જનાત્મક શક્તિનું પ્રદર્શન કર્યું હતું.



❊ સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, ગાંભોઈમાં તા. ૦૮–૦૭–૨૦૨૬ના રોજ બી.એ. અને બી.કોમ સેમેસ્ટર–૧ના નવપ્રવેશિત વિદ્યાર્થીઓ માટે પ્રવેશોત્સવ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કૉલેજના આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓનું હાર્દિક સ્વાગત કરી ઉચ્ચ શિક્ષણનું મહત્ત્વ સમજાવ્યું તેમજ નિયમિત હાજરી, શિસ્ત, ગુણવત્તાયુક્ત અભ્યાસ અને સર્વાંગી વિકાસ માટે પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું. ત્યારબાદ વિવિધ વિભાગોના અધ્યાપકોએ વિદ્યાર્થીઓને પોતાના વિષયના અભ્યાસક્રમની રૂપરેખા, આંતરિક મૂલ્યાંકન પદ્ધતિ, ક્રેડિટ આધારિત શિક્ષણ પદ્ધતિ (NEP–૨૦૨૦). પરીક્ષા વ્યવસ્થા, એન.એસ.એસ., રમતગમત, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વિવિધ ધારાઓ/પ્રકલ્પો, કારકિર્દી માર્ગદર્શન, સ્કોલરશિપ યોજનાઓ તેમજ અન્ય વિદ્યાર્થીલક્ષી કલ્યાણ સેવાઓ અંગે વિગતવાર માહિતી આપી. ઉપરાંત કૉલેજના ગ્રંથાલયની સુવિધાઓ, પુસ્તક આપ–લે વ્યવસ્થા, સેવાઓ, ઈ–સંસાધનોનો પણ પરિચય વિદ્યાર્થીઓને આપવામાં આવ્યો, જેથી તેઓ શરૂઆતથી જ ઉપલબ્ધ શૈક્ષણિક સંસાધનોનો અસરકારક ઉપયોગ કરી શકે.

## સબરસ

શિક્ષક : ભુરા તું સ્કૂલે લેટ કેમ આવ્યો ?
ભુરો : મેમ એક કાકાની ૧૦૦ની નોટ ખોવાઇ ગઇ હતી.
શિક્ષણ : તું એમની મદદ કરતો હતો?
ભુરો : ના હું એ નોટ પર ઉભો હતો.

HNGU
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

Hemchandracharya North Gujarat University, Patan
P.B.21, University Road, Patan - 384265 • Phone : +91 2766 237000, 220932, 230529 • Visit us at : www.ngu.ac.in • Email : udichyahngu@gmail.com

Editor : Dr. Rajanikant Patel (University Librarian)
Published by : Dr. R.N. Desai, Registrar, H.N.G.U., Patan.
Printed by : Vinod Printery, Nr. Three Gate, Patan. • Mo. 9898576011
R.N.I. No. 48820/90, Valid up to 31-12-2026, Posting Reg. No. PATAN/008/2024-26, Office of Posting: PATAN H.P.O
વ્યક્તિગત વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦/– કૉલેજનું વાર્ષિક લવાજમ રૂા. ૬૦૦/–